:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭ – ૫ – ૨૦૧૦ની ઉપરોકત ભલામણ ક્રમાંક : ૨૦૯ને નામંજૂર કરવી.**

૧૮૦. સરકારી વિનયન અને વાણિજય કોલેજ, સોનગઢ, જિ.:તાપીનું નીચે દર્શાવેલ વિગતે **ચાલુ જોડાણ** મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૬–૧૧–૨૦૦૯નાં રોજ ઠરાવક્રમાંકઃ (૧૫) થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૨૭–૫–૨૦૧૦ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૨૧૨ અન્વયે સિન્ડિકેટને કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
1.	વિનયન અને વાણિજય	ચાલુ જોડાણ	તા.૧૫–૬–૨૦૧૦ થી તા. ૧૪–૬–૨૦૧૧

<u>એકેડેમિક કાઉન્સિલ : તા.૨૭–૦૫–૨૦૧૦ ભલામણ ક્રમાંકઃ ૨૧૨ :</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સરકારી વિનયન અને વાણિજય કોલેજ, સોનગઢ, જિ.:તાપીનું** નીચે દર્શાવેલ વિગતે **ચાલુ જોડાણ** મેળવવા **માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૬–૧૧–૨૦૦૯નાં રોજ ઠરાવક્રમાંકઃ (૧૫) થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ હકારાત્મક અહેવાલના ભાગ – ૮માં દર્શાવેલ શરતો સહિત સ્વીકાર કરવો અને અહેવાલમાં જણાવેલ શરતો તથા ભલામણને આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧નાં વર્ષ માટે વિનયન અને વાણિજય અભ્યાસક્રમનું શરતી ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
1.	**વિનયન અને વાણિજય**	**ચાલુ જોડાણ**	**તા.૧૫–૬–૨૦૧૦ થી તા. ૧૪–૬–૨૦૧૧**

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સરકારી વિનયન અને વાણિજય કોલેજ, સોનગઢ, જિ.:તાપીનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૨૬–૧૧–૨૦૦૯નાં રોજ ઠરાવક્રમાંકઃ (૧૫) થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ હકારાત્મક અહેવાલમાં કરેલ ભલામણ અને નીચેની શરતો તથા ભલામણને આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧નાં વર્ષ માટે વિનયન અને વાણિજય અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલે કરેલ તેની તા.૨૭– ૫–૨૦૧૦ની ભલામણ ક્રમાંકઃ ૨૧૨ સ્વીકારવી રાજય સરકારને તે અંગે ભલામણ કરવી.**

<u>શરતો :</u>

(૧) કોલેજના મકાનનું બાંધકામ સત્વરે પૂર્ણ કરવામાં આવે.

(૨) સત્વરે કાયમી આચાર્યની નિમણૂંક કરવામાં આવે

(૩) રમત – ગમત નું મેદાન તૈયાર કરવામાં આવે.

(૪) યુનિ. તથા સરકારશ્રીના નિયમ પ્રમાણે ગ્રંથપાલશ્રી અને શારિરીક શિક્ષણના વ્યાખ્યાતા સત્વરે નિમણૂંક કરવામાં આવે.

(૫) યુનિ.ના નિયમ પ્રમાણે કાર્યભારની ગણતરી કરતા નીચે પ્રમાણે ખુટતા અધ્યાપકોની નિમણૂંક કરવામાં આવે.

વિષય	**વ્યાખ્યાતાની સંખ્યા**
ગુજરાતી	**૦૨**
હિન્દી	**૦૨**
સંસ્કૃત	**૦૨**
અંગ્રેજી	**૦૧**
સમાજશાસ્ત્ર	**૦૨**
અર્થશાસ્ત્ર	**૧.૫**
ઈતિહાસ	**૦૧**
આંકડાશાસ્ત્ર	**૦૧**
એકાઉન્ટન્સી	**૦૧**

(૬) નીચે પ્રમાણે ખુટતી વહિવટી કર્મચારીની જગ્યા સત્વરે ભરવામાં આવે.

જુનિયર કલાર્ક	**૦૧**
સ્વિપર	**૦૧**
વોચમેન	**૦૧**

(૭) મુખ્ય વિષય દીઠ ૨૫૦૦૦/– તથા ગૌણ વિષય દીઠ રૂપિયા ૧૦૦૦૦/– અને ફરજિયાત વિષય દીઠ ૫૦૦૦/– ના પુસ્તકો પ્રતિ વર્ષ વસાવવામાં આવે.

(૮) પ્રતિ વર્ષ જરૂરી મેગેઝિન અને જર્નલસ મંગાવવામાં આવે.

(૯) ઓછામાં ઓછું (૧) એક અંગ્રેજી વર્તમાન પત્ર મંગાવવામાં આવે.

(૧૦) રમત – ગમત તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિ માટે જરૂરી સાધનો વસાવવામાં આવે.

બી.એ. ચાલુ જોડાણ

માળખાગત શરતો :–

૧. સંસ્થામાં કાયમી આચાર્ય નિમવામાં આવે.
૨. ગ્રંથાલયમાં સંદર્ભ પુસ્તકો અને સામાયિકો પાછળ દર વર્ષે ખર્ચ કરવો.
૩. એન.એસ.એસ./એન.સી.સી./ સાંસ્કૃતિક સામાજિક અને શૈક્ષણિક શિબિરો તથા રમત – ગમતને લગતી પ્રવૃતિઓ કોલેજ ધ્વરા સઘન બનાવવી.
૪. સંસ્થામાં જે તે હેડ નીચે ઉધરાવવામાં આવતી ફી તે જ હેડ નીચે વપરાય તે જરૂરી છે.
૫. વિદ્યાર્થી સંખ્યામાં ખાસ વધે તે માટે જરૂરી સઘન પ્રયત્નો કરવા.
૬. સંસ્થામાં વિદ્યાર્થીઓના પ્રવેશ સમયે અનામતનું ધોરણ જળવાય તે જરૂરી છે.
૭. ગ્રંથાલય કોમ્પ્યુટરાઈઝ કરી પુસ્તકોથી સમૃધ્ધ બનાવવું દરેક વિષયના પુસ્તકો વસાવવાં.
૮. ઓડીયો – વિઝયુઅલ સાધનો વસાવવા તેમજ વિષયવાર શકય હોય તો ઓડીયો વિડીયો સીડી કેસેટ વસાવવા.
૯. અધ્યાપકોને યોગ્ય સમયે સેમિનાર કે ઓરીએન્ટેશન તથા રીફ્રેશર કોર્સમાં મોકલવા તજવીજ કરવી.
૧૦. અધ્યાપકોને નેટ – સ્લેટ પાસ કરે કે પી.એચ.ડી. કરે તે માટે પ્રોત્સાહિત કરવા.
૧૧. બહેનો માટે સૂચિત કોલેજના મકાન નજીક હોસ્ટેલની વ્યવસ્થા કરવી.
૧૨. રમતો માટે ચેસ, ટેનિસ કેરમ વિગેરે જરૂરી સાધનો વસાવવા.
૧૩. રમત ગમત તથા ફીટનેશ ટ્રેઈનીંગ માટે શારીરિક શિક્ષણના એક પાર્ટટાઈમ અધ્યાપકની નિમણૂંક કરવી.
૧૪. આચાર્યશ્રીની ઓફિસ માટે જરૂરી ફર્નિચર વસાવવું તથા ટેલિફોનની વ્યવસ્થા કરવી.
૧૫. મુખ્ય વિષય દીઠ રૂા. ૨૫,૦૦૦/– અને ગૌણ વિષય દીઠ રૂા.૧૦, ૦૦૦/– ના પુસ્તકો વસાવવામાં આવે.
૧૬. કોલેજમાં કોમ્પ્યુટર, પ્રિન્ટર, ફકેસ તથા મોડેમ વસાવવામાં આવે.
૧૭. કોલજ સ્ટાફમાં ખાલી જગ્યાઓથી બચેલ પગારની રકમ યુનિવર્સિટીમાં જમા કરવવામાં આવે.
૧૮. કોલેજમાં ઈન્ટરનેટ ફેસીલીટી ઉપલબ્ધ કરાવવામાં આવે.
૧૯. વર્ષ દરમ્યાન શૈક્ષણિક કર્મચારીઓની જગા જેટલા સમય ખાલી રહેલ તે સમયના પૂરા પગારની રકમ યુનિવર્સિટીમાં જમાં કરાવવાની રહેશે.
૨૦. ઓર્ડીનન્સ ૬૯ – એ, ૬૯ – બીનું યથાર્થ પાલન કરવું.

બી.કોમ. ચાલુ જોડાણ

માળખાગત શરતો :–

૧. કાયમી આચાર્ય નિમવામાં આવે.
૨. જરૂરી સામયિકો મંગાવવામાં આવે.
૩. કોમ્પ્યુટરને લગતા શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરવામાં આવે.
૪. અભ્યાસક્રમને અનુરૂપ બિન – શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરવામાં આવે.
૫. યુનિવર્સિટીના નિયમ મુજબ પ્રવેશ આપવાનો રહેશે.
૬. કોલેજના કર્મચારીઓના પગાર ભથ્થા બેંક મારફતે ચૂકવવામાં આવે.
૭. ગ્રંથાલય કોમ્પ્યુટરાઈઝ કરી પુસ્તકોથી સમૃધ્ધ બનાવવું દરેક વિષયના પુસ્તકો વસાવવાં.
૮. ઓડીયો – વિઝયુઅલ સાધનો વસાવવા તેમજ વિષયવાર શકય હોય તો ઓડીયો વિડીયો સીડી કેસેટ વસાવવા.
૯. અધ્યાપકોને યોગ્ય સમયે સેમિનાર કે ઓરીએન્ટેશન તથા રીફ્રેશર કોર્સમાં મોકલવા તજવીજ કરવી.
૧૦. અધ્યાપકોને નેટ – સ્લેટ પાસ કરે કે પી.એચ.ડી. કરે તે માટે પ્રોત્સાહિત કરવા.
૧૧. બહેનો માટે સૂચિત કોલેજના મકાન નજીક હોસ્ટેલની વ્યવસ્થા કરવી.
૧૨. રમતો માટે ચેસ, ટેનિસ કેરમ વિગેરે જરૂરી સાધનો વસાવવા.
૧૩. રમત ગમત તથા ફીટનેશ ટ્રેઈનીંગ માટે શારીરિક શિક્ષણના એક પાર્ટટાઈમ અધ્યાપકની નિમણૂંક કરવી.
૧૪. આચાર્યશ્રીની ઓફિસ માટે જરૂરી ફર્નિચર વસાવવું તથા ટેલિફોનની વ્યવસ્થા કરવી.
૧૫. મુખ્ય વિષય દીઠ રૂા. ૨૫,૦૦૦/– અને ગૌણ વિષય દીઠ રૂા.૧૦, ૦૦૦/– ના પુસ્તકો વસાવવામાં આવે.
૧૬. કોલેજમાં કોમ્પ્યુટર, પ્રિન્ટર, ફકેસ તથા મોડેમ વસાવવામાં આવે.
૧૭. કોલજ સ્ટાફમાં ખાલી જગ્યાઓથી બચેલ પગારની રકમ યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવે.
૧૮. કોલેજમાં ઈન્ટરનેટ ફેસીલીટી ઉપલબ્ધ કરાવવામાં આવે.
૧૯. વર્ષ દરમ્યાન શૈક્ષણિક કર્મચારીઓની જગા જેટલા સમય ખાલી રહેલ તે સમયના પૂરા પગારની રકમ યુનિવર્સિટીમાં જમાં કરાવવાની રહેશે.
૨૦. ઓર્ડીનન્સ ૬૯ – એ, ૬૯ – બીનું યથાર્થ પાલન કરવું.

૧૮૧. માર્ચ/ એપ્રિલ / મે – ૨૦૧૦ દરમ્યાન લેવાયેલી વિવિધ પરીક્ષાઓ દરમ્યાન થયેલ ક્ષતીઓની વિગતો ઉપર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, માર્ચ/ એપ્રિલ / મે – ૨૦૧૦ દરમ્યાન લેવાયેલી વિવિધ પરીક્ષાઓ દરમ્યાન થયેલ ક્ષતીઓ સંદર્ભે પરીક્ષકો, પ્રાથમિકો અને ચેરમેનશ્રીઓ વગેરેના ખુલાસાઓ સિન્ડિકેટ સભ્યોને પરિપત્રિત કરી હવે પછીની સભા સમક્ષ બાબતમાં વિચારણા માટે રજુ કરવા.**

૧૮૨. યુનિવર્સિટી સંલગ્ન એચ.આર. શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નવસારીમાં ઈનચાર્જ આચાર્યશ્રી ભરતભાઈ દેસાઈ તથા કોલેજના વહીવટ અને તેને આનુસાંગિક બાબતે અને કોલેજના વહીવટમાં ઉભા થયેલ અનેક પ્રશ્નોની સર્વગ્રાહી તપાસ કરી વિસ્તૃત અહેવાલ રજૂ કરવા માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,યુનિવર્સિટી સંલગ્ન એચ.આર. શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નવસારીમાં ઈનચાર્જ આચાર્યશ્રી ભરતભાઈ દેસાઈ તથા કોલેજના વહીવટ અને તેને આનુસાંગિક બાબતે અને કોલેજના વહીવટમાં ઉભા થયેલ અનેક પ્રશ્નોની સર્વગ્રાહી તપાસ કરી વિસ્તૃત અહેવાલ રજૂ કરવા માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સમિતિનો અહેવાલ સ્વીકારવો તથા યુનિવર્સિટીના અધિકાર ક્ષેત્રમાં આવતી કડકમાં કડક સજા કેમ ન કરવી તેવી કારણદર્શક નોટીશ આપી તેનો ત્રણ દિવસમાં સદર કોલેજનાં વ્યાખ્યાતા શ્રી ભરતભાઈ દેસાઈ પાસે ખુલાસો મંગાવવો અને તે તા. ૧૧/૬/૨૦૧૦ની સિન્ડિકેટની એડજોર્ન મીટીંગમાં વિચારણા માટે મૂકવો.**

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સંચાલક મંડળ પાસે સોંગદનામા ઉપર નીચે મુજબની બાંહેધરી દિન–ત્રણ માં મંગાવવી અને તે બાંહેધરી પત્ર તા. ૧૧/૬/૨૦૧૦ની સિન્ડિકેટની એડજોર્ન મીટીંગમાં વિચારણા માટે મૂકવો.

(૧) તત્કાલીક નવા ઈ. ચા. આચાર્ય યુનિવર્સિટી સાથે પરામર્શ કરી નીમવામાં આવે.

(૨) કોલેજના ભૂતપૂર્વ અને હાલનાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના તમામ પ્રશ્નોનું નિરાકરણ વિધાયક રીતે લાવી કાનૂની પ્રકરણોનો અંત લાવવામાં આવે.

(૩) કોલેજમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક અને કલ્યાણકારી અને રમતગમતની પ્રવૃત્તિઓ શરૂ કરી દેવામાં આવે.

(૪) વિદ્યાર્થીનીઓની અને શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓને પ્રયાપ્ત માત્રમાં જરૂરી ભૌતિક સુવિધાઓ પૂરી પાડવામાં આવે.

(૫) કોલેજના આચાર્યની, લાયબ્રેરીયનની અને શારિરીક શિક્ષણના વ્યાખ્યાતાની જગ્યા ભરવા સત્વરે કાર્યવાહી કરવામાં આવે.

(૬) યુનિવર્સિટીની તપાસ સમિતિની સમક્ષ માંગે તે મુજબના તમામ રકર્ડ અને હિસાબો રજૂ કરવામાં આવે.

(૭) વિદ્યાર્થીઓને તેમની પસંદગીના વિષયોમાં પ્રવેશ આપવામાં આવે.

(૮) યુનિવર્સિટીના તમામ નીતિ નિયમો અને વખતો વખતના આદેશોનું ચુસ્ત પાલન કરવામાં આવે.

૧૮૩. રાજયની યુનિવર્સિટીઓ, સરકારી કોલેજો તથા અનુદાનીત કોલેજોમાં શૈક્ષણિક જગ્યાઓ માન્ય પધ્ધતિથી ભરવાની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી વચગાળાની વ્યવસ્થા તરીકે નિવૃત્ત કર્મચારીઓને કરાર આધારિત નિમણૂંક આપવાનું સરકારશ્રી દ્વારા ઠરાવી તેમના તા. ૩–૬–૨૦૦૮ ના ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૩૦૮–૧૩૬૭–ખ પરિપત્રીત કરવામાં આવેલ છે. તે ઠરાવનો અમલ આપણી યુનિવર્સિટી પર કરવા સેનેટ સિન્ડિકેટ સભ્યશ્રી હોશંગ મીરઝાએ આ કાર્યાલયને તા. ૩૧–૫–૨૦૧૦ ના રોજ લખેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, રાજયની યુનિવર્સિટીઓ, સરકારી કોલેજો તથા અનુદાનીત કોલેજોમાં શૈક્ષણિક જગ્યાઓ માન્ય પદ્ધતિથી ભરવાની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી વચગાળાની વ્યવસ્થા તરીકે નિવૃત્ત કર્મચારીઓને કરાર આધારિત નિમણૂંક આપવાના સરકારશ્રીના તા.૩/૬/૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃ પરચ/ ૧૩૦૮–૧૩૬૭–ખનો સ્વીકાર કરવો તેમજ વધુમાં ઠરાવવામાં આવે છે યુનિવર્સિટીના અનુસ્નતાક વિભાગોના વડાઓ પાસે એ અંગે દરખાસ્તો મંગાવી તે જગ્યા ભરવા અંગે નિર્ણય લઈ જાહેરાત આપી તાકીદે કાર્યવાહી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

૧૮૪. એમ.ફિલ. અભ્યાસક્રમ માટે તા.૨૯–૦૮ –૨૦૦૭ ના પરિપત્ર ક્રમાંક : પીજી/ એમ.ફિલ./ ૯૩૧૨/ ૨૦૦૭, યુનિવર્સિટીના વિભાગોમાં ચાલતા એમ.ફિલ. ના અભ્યાસક્રમોમાં લાગુ પાડવા અંગે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરિપત્ર ક્રમાંક : પીજી/ એમ.ફિલ./ ૯૩૧૨/ ૨૦૦૭ તા. ૨૯ – ૮ – ૨૦૦૭નો અમલ યુનિવર્સિટીના પી. જી. ડીપાર્ટમેન્ટ માટે કરવો.**

૧૮૫. એમ.ફિલ. (ગુજરાતી વિષયના)કોર્ષના પ્રથમ વર્ષનો કન્ટેન કોર્ષ ચલાવવા માટે જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલીની અરજી સંદર્ભમાં અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૨–૩–૨૦૧૦ ની સભાએ તેના ઠરાવ ક્રમાંક ૨૯ અન્વયે અંતિમ નિર્ણય કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી તેમ ઠરાવેલ હોય જે સંદર્ભમાં માનનીય કુલપતિશ્રી દ્વારા એમ.ફિલ. (ગુજરાતી વિષયના) કોર્ષ વર્ક શરૂ કરવાની અરજી મંજૂર કરેલ છે, જે સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિની નિમણૂંક કરવાની હોય જે પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એમ.ફિલ. (ગુજરાતી વિષયના)કોર્ષના પ્રથમ વર્ષનો કન્ટેન કોર્ષ ચલાવવા માટે જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલીની અરજી ગ્રાહ્ય રાખવી નહીં અને પ્રસ્તુત કોર્ષ ચલાવવા ના પાડવી.**

૧૮૬. એમ.ફિલ. (એકાઉન્ટન્સી વિષયના) કોર્ષના પ્રથમ વર્ષનો કન્ટેન કોર્ષ ચલાવવા માટે જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલીની અરજી સંદર્ભમાં અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૨–૩–૨૦૧૦ ની સભાએ તેના ઠરાવ ક્રમાંક ૨૮ અન્વયે અંતિમ નિર્ણય કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી તેમ ઠરાવેલ હોય જે સંદર્ભમાં માનનીય કુલપતિશ્રી દ્વારા એમ.ફિલ. (એકાઉન્ટન્સી વિષયના) કોર્ષ વર્ક શરૂ કરવાની અરજી મંજૂર કરેલ જે સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિની નિમણૂંક કરવાની હોય જે પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એમ.ફિલ. (એકાઉન્ટન્સી વિષયના) કોર્ષના પ્રથમ વર્ષનો કન્ટેન કોર્ષ ચલાવવા માટે જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલીની અરજી સંદર્ભમાં અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૨–૩–૨૦૧૦ ની સભાએ તેના ઠરાવ ક્રમાંક ૨૮ અન્વયે અંતિમ નિર્ણય કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી તેમ ઠરાવેલ હોય જે સંદર્ભમાં માનનીય કુલપતિશ્રી દ્વારા એમ.ફિલ. (એકાઉન્ટન્સી વિષયના) કોર્ષ વર્ક શરૂ કરવાની અરજી મંજૂર કરેલ જે સંદર્ભમાં નીચેના સભ્યોની સ્થાનિક તપાસ સમિતિની નિમણૂંક કરવામાં આવે છે.**

(૧) આ. ડૉ. જે. એમ. નાયક (વલસાડ) (૨) આ. ડૉ. યુ. ટી. દેસાઈ (૩) ડૉ. રેણુકાબેન ગર્ગ

૧૮૭. યુનિવર્સિટી કાર્યાલયના ગ્રંથાલય વિભાગમાં ટેકનીકલ આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા કુ. એચ. આર. હિલ્લુએ તા. ૩–૯–૨૦૦૯ તથા ૨૪–૨–૨૦૧૦ ના પત્રથી કેન્સરની બીમારી હોવાથી તેણીએ ખાસ કેસમાં પગાર સહિત રજાની માંગણી કરેલ છે.

કુ. એચ. આર. હિલ્લુના ખાતામાં કુલ–૨૯ દિવસની હકક રજા જમા છે. અગાઉ બિન જમા રજા ભોગવી ચુકેલ હોવાથી માંદગીની રજા નિવૃત્તી થાય ત્યાં સુધી સરભર કરેલ છે. પરંતુ તેણીની તબિયત સારી ન હોવાથી તા. ૨૩–૪–૨૦૦૯ થી તા. ૮–૧–૨૦૧૦ સુધીની દિન – ૨૬૧ ની ખાસ કેસમાં પગાર સહિતની રજાની માંગણી કરેલ છે.

જી.સી.એસ.આર.ના નિયમાનુસાર મેડીકલ બોર્ડનો અભિપ્રાય લેવા અંતર્ગત સોમવાર તા. ૨૨–૩–૨૦૧૦ના રોજ સવારે ૧૦–૦૦ કલાકે ઓફીસ સુપ્રિટેન્ડેન્ટ, નવી સીવીલ હોસ્પીટલ, મજૂરાગેટ, સુરત સમક્ષ હાજર થઈ તેણીને પોતાના કેસ અંગે રજૂઆત કરવા જણાવતા તેણી ત્યાં હાજર થયા હતા આથી મેડીકલ સુપ્રિટેન્ડેન્ટ, નવી સીવીલ હોસ્પીટલ, મજૂરાગેટ, સુરત પત્ર ક્રમાંક : NCHS/A/M.B.Reg.no./118/Certi/6712/10 ના પત્ર ક્રમાંક NCHS/ MB/ Certificate/ 118/ Certi/10 Dt.01/4/2010 મેડીકલ બોર્ડનું સર્ટિ, અંતર્ગત તેણીને કેન્સરની સ્પેશીયલ નવ માસ સુધીની રજા મળવાપાત્ર હોઈ વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયના ગ્રંથાલય વિભાગમાં ટેકનીકલ આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા કુ. એચ. આર. હિલ્લુએ તા. ૩–૯–૨૦૦૯ તથા ૨૪–૨–૨૦૧૦ ના પત્રથી કેન્સરની બીમારી હોવાથી તેણીએ ખાસ કેસમાં પગાર સહિત કરેલ રજાની માંગણી મેડીકલ બોર્ડના અભિપ્રાયના આધારે ગ્રાહ્ય રાખવી.**

૧૮૮. મેટાસ એડવેન્ટીસ્ટ કોલેજ, સુરતમાં બી.એસસી.નર્સીંગ અભ્યાસક્રમ નોર્થ–ઈસ્ટર્ન હીલ યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું NOC મેળવવા માટે સદર કોલેજના પ્રમુખ અને સીઈઓએ તેમના તા.૦૩–૪–૨૦૧૦ના પત્ર થી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, મેટાસ એડવેન્ટીસ્ટ કોલેજ, સુરતમાં બી.એસસી.નર્સીંગ અભ્યાસક્રમ નોર્થ–ઈસ્ટર્ન હીલ યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું** NOC **મેળવવા માટે સદર કોલેજના પ્રમુખ અને સીઈઓએ તેમના તા.૦૩–૪–૨૦૧૦ના પત્ર થી કરેલ વિનંતી ગ્રાહ્ય રાખવી નહીં અને** NOC **આપવું નહીં.**

૧૮૯. મેટાસ એડવેન્ટીસ્ટ કોલેજ, સુરતમાં બી.પી.ટી. (બેચલર ઓફ ફિઝિયોથેરાપી) અભ્યાસક્રમ નોર્થ–ઈસ્ટર્ન હીલ યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત નું NOC મેળવવા માટે સદર કોલેજના પ્રમુખ અને સીઈઓએ તેમના તા.૧૬–૪–૨૦૧૦ના પત્ર થી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, મેટાસ એડવેન્ટીસ્ટ કોલેજ, સુરતમાં બી.પી.ટી. (બેચલર ઓફ ફિઝિયોથેરાપી) અભ્યાસક્રમ નોર્થ–ઈસ્ટર્ન હીલ યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત નું** NOC **મેળવવા માટે સદર કોલેજના પ્રમુખ અને સીઈઓએ તેમના તા.૧૬–૪–૨૦૧૦ના પત્ર થી કરેલ વિનંતી ગ્રાહ્ય રાખવી નહીં અને** NOC **આપવું નહીં.**

૧૯૦. ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન, સુરત સંચાલિત બી. પી. એડ./ બી. એડ્. સ્વનિર્ભર અભ્યાસક્રમમાં ચાલતી અનિયમિતતા બાબતે સિન્ડિકેટે નિયુકત કરેલ સમિતિના સભ્યોએ રજૂ કરેલ તપાસ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશન, સુરત સંચાલિત બી. પી. એડ્./ બી. એડ્. સ્વનિર્ભર અભ્યાસક્રમમાં ચાલતી અનિયમિતતા બાબતે સિન્ડિકેટે નિયુકત કરેલ સમિતિના સભ્યોએ રજૂ કરેલ તપાસ સમિતિના અહેવાલ મુજબ બી. પી. એડ્. અને એમ. પી. એડ્. બંધ કરવું અને બંધ કરતા પહેલા બન્ને કોર્ષની ડીપોઝીટ માંથી રૂપિયા એક એક લાખ કાપી લેવા. બી. પી. એડ્. અને એમ. પી. એડ્. ટીચીંગ સ્ટાફને શારીરિક શિક્ષણના વ્યાખ્યાતાઓ તરીકે તેમજ નોનટીચીંગ** Existing **સ્ટાફને એ સંસ્થાની જુદા જુદા કોર્ષમાં/ કોલેજોમાં સમાવી લેવા જણાવવું અને એ શરતે જે તે કોર્ષ/ કોલેજોનાં ચાલુ વર્ષના જોડાણ મંજુર કરવા અને આ સંસ્થાના બી. એડ્. અને એમ. એડ્.ના કોર્ષ માટે નીચેના સભ્યોની ચકાસણી સમિતિની નિમણૂંક કરવી.**
(૧) આ. ડૉ. વી. ડી. નાયક (૨) ડૉ. ઘનશ્યામભાઈ રાવલ (૩) શ્રી કિશોરભાઈ વાઘેલા
(૪) શ્રી કિરીટસિંહ વાંસદિયા (૫) આ. ડૉ. જે. પી. ગોહિલ

૧૯૧. મોર્ડન એજયુકેશન ટ્રસ્ટ, વાપી દ્વારા નવી ગર્લ્સ કોમર્સ કોલેજ, વાપી મુકામે વહેલી તકે શરૂ કરવા અને એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી, મુંબઈ સાથે જોડાણ મેળવવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું **" ના વાંધા પ્રમાણપત્ર " (N.O.C.) "** માટેની માંગણી પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, મોર્ડન એજયુકેશન ટ્રસ્ટ, વાપી દ્વારા નવી ગર્લ્સ કોમર્સ કોલેજ, વાપી મુકામે વહેલી તકે શરૂ કરવા અને એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી, મુંબઈ સાથે જોડાણ મેળવવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું " ના વાંધા પ્રમાણપત્ર " (N.O.C.) " માટેની માંગણી સંદર્ભે પ્રસ્તુત સંસ્થાને આ યુનિવર્સિટી સાથે સંલગ્નતા (જોડાણ) મેળવવા અરજી કરવા જણાવવું તથા સંસ્થાને N.O.C. આપવુ નહીં.**

૧૯૨. વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, ગ્રામવિદ્યાભ્યાસ, કાનૂની અને શિક્ષણ વિદ્યાશાખા હેઠળની ગ્રાન્ટ – ઈન – એઈડ કોલેજમાં સત્રદીઠ લેવાતી ફીનાં ધોરણો નીચે મુજબ સુધારવા કોલજનાં આચાર્યશ્રીઓનાં પત્રની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, ગ્રામવિદ્યાભ્યાસ, કાનૂની અને શિક્ષણ વિદ્યાશાખા હેઠળની ગ્રાન્ટ – ઈન – એઈડ કોલેજમાં સત્રદીઠ લેવાતી ફીનાં ધોરણો પરિશિષ્ટ : " ક "માં જણાવ્યા મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવા અને તેનો અમલ ચાલુ શૈક્ષણિક વર્ષ : ૨૦૧૦ – ૨૦૧૧થી કરવો.**

(પરિશિષ્ટ : " ક ")

૧૯૩. સ્વનિર્ભર અભ્યાસક્રમ ચલાવતી સંલગ્ન કોલેજોમાં સ્નાતક અને પૂર્વસ્નાતક કક્ષાએ ફીનું માળખું નકકી કરવા સિન્ડિકેટે તેની તા. ૨૩ – ૧૨ – ૨૦૦૯ની સભાનાં ઠરાવ ક્રમાંક : ૧૮ અન્વયે નીમેલ સમિતિની સભાએ તેની તા. ૨૫ – ૦૫ – ૧૦નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનાં ફીનાં ધોરણોની દરખાસ્ત સિન્ડિકેટને કરવામાં આવી છે તે દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સ્વનિર્ભર અભ્યાસક્રમ ચલાવતી સંલગ્ન કોલેજોમાં સ્નાતક અને પૂર્વસ્નાતક કક્ષાએ ફીનું માળખું નકકી કરવા સિન્ડિકેટે તેની તા. ૨૩ – ૧૨ – ૨૦૦૯ ની સભાનાં ઠરાવ ક્રમાંક : ૧૮ અન્વયે નીમેલ સમિતિની સભાએ તેની તા. ૨૫ – ૦૫ – ૧૦નાં રોજ મળેલ સભાએ કરેલી ફીના ધોરણોની દરખાસ્ત પરિશિષ્ટ : " ખ "માં જણાવ્યા મુજબના સુધારા વધારા સાથે સ્વીકારવી.**

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કક્ષાના સ્વનિર્ભર અભ્યાસક્રમો તથા અન્ય અભ્યાસક્રમોની ફીનું માળખું નકકી કરવા માટે સદર કમિટિનીજ નિમણુંક કરવી.

(પરિશિષ્ટ : " ખ ")

૧૯૪. **UGC** ના પત્ર તા. ૧૦ જુલાઈ ૨૦૦૯ નાં પત્ર ક્રમાંક : **F.No.1-1/2002 (PS-Exemption) થી UGC (MINIMUM STANDARDS AND PROCEDURE FOR AWARDS OF M. PHIL./ PH.D. DEGREE) REGULATION, 2009ની** ગાઈડ લાઈનનો અમલ કરવા સિન્ડિકેટની તા. ૧/૧૦/૨૦૦૯ ની સભાનાં ઠરાવ ક્રમાંક : ૨૦ અન્વયે માનનીય કુલપતિશ્રી દ્વારા વિવિધ વિદ્યાશાખાના ડીનશ્રીના નિયુકત સમિતિ દ્વારા તૈયાર કરેલ **M.Phil./ Ph.D.,D.Sc./D.Lit.** ના નિયમોનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૦ – ૧૧ થી કરવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭–૫–૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક : ૨૦૫ થી કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>એકેડેમિક કાઉન્સિલ તા. ૨૭–૫–૨૦૧૦ ની ભલામણ ક્રમાંક : ૨૦૫</u>

આથી ઠરાવવામાં આવે છે કે, વિવિધ વિદ્યાશાખાના ડીનશ્રીની નિયુકત સમિતિ દ્વારા તૈયાર કરેલ **M.Phil./Ph.D.,D.Sc./D.Lit.**ના નિયમો સુધારા વધારા સહિત સ્વીકારી તેનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૦ –૧૧ થી કરવા અંગે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અન્વયે નીચેના સભ્યોની સમિતિ નિમવી.**
(૧)આ. ડૉ. યુ. ટી. દેસાઈ (૨) ડૉ.મોહિનીબેન ગઢિયા (૩) આ.ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈ (૪) આ.ડૉ. વી. ડી. નાયક (૫) આ.ડૉ. કે. એન. ચાવડા

૧૯૫. બી.એડ પ્રવેશ સંદર્ભમાં એન.સી.ટી.ઈ., ન્યુ દિલ્હીના તા. ૧૪–૫–૨૦૧૦નાં ડી.ઓ. નંબર ૬૧–૫/ ૨૦૧૦ એનસીટીઈ/(એન એન્ડ એસ) એ– ૫૯૩૨ થી બી.એડ્. અભ્યાસક્રમનાં સંદર્ભમાં સુધારેલ **Norms and Standards** સ્વીકારવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૭–૫–૨૦૧૦ સભાના ઠરાવ ક્રમાંક : ૨૦૪ થી કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>એકેડેમિક કાઉન્સિલ તા. ૨૭–૫–૨૦૧૦ ની ભલામણ ક્રમાંક : ૨૦૪</u>

❖ આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૦ – ૧૧ ના બી.એડ્.ની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોવાથી પ્રવેશ અંગેના નિયમોનું આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧ – ૧૨ થી અમલ કરવા તથા તે સિવાયના બાકીના નિયમો ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૦ – ૧૧ થી અમલમાં આવે તે રીતે સ્વીકારી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલ તા. ૨૭–૫–૨૦૧૦ ની ભલામણ ક્રમાંક : ૨૦૪ને યથાવત મંજૂર કરવી.**

૧૯૬. શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ માટે નવા / ચાલુ/વધારાના જોડાણ મેળવવા માટે યુનિવર્સિટી કાર્યાલયમાં આવેલ જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટ તા.૨૬–૧૧–૨૦૦૯ના રોજ મળેલ સભામાં માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ નિયુકત સ્થાનિક તપાસસમિતિ ના સભ્યોએ હજી સુધી સ્થાનિક તપાસસમિતિના અહેવાલ આપેલ નથી તે અંગે વિચારણા કરવા બાબત.

ક્રમ	કોલેજનું નામ	અભ્યાસક્રમ
૧.	આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ખોલવડ.	બી.એસસી. (માઈક્રોબાયોલોજી)
૨.	હરિ જયોત કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રી, નવસારી.	બી.એસસી. (ઓપ્ટોમેટ્રી)
૩.	નાલંદા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ સ્ટડીઝ, વડોદરા.	બી.બી.એ./બી.કોમ.
૪.	સી. ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક મેડીસીન, સુરત.	હોમિયોપેથી
૫.	સર્વોદય બી.એડ્. કોલેજ, સરથાણા, સુરત.	બી.એડ.
૬.	નવી બી.સી.એ. કોલેજ, વાપી	બી.સી.એ.
૭.	વી.એસ.પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, બીલીમોરા	અંગેજી(મુખ્ય વિષય) (એસ.વાય.બી.એ અને ટી.વાય.બી.એ.)
૮.	તક્ષશિલા કોલેજ,વડોદરા	બી.સી.એ.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજો પૈકી અનુક્રમ નં. ૨ હરિજયોત કોલેજ ઓફ ઓપ્ટ્રોમેટ્રી, નવસારીના સ્થાનિક તપાસસમિતિના સભ્યો પૈકી સ્વ. માર્કંડભાઈ ભટ્ટ ને બદલે આ.શ્રી જે. એમ. નાયક (નવયુગ)ની નિમણૂંક કરવામાં આવે છે. ઉપરોકત આઠ કોલેજની સ્થાનિક તપાસ સમિતિઓને સ્થળ પર મુલાકાત લઈ અહેવાલ સત્વરે જમા કરાવવા તાકીદ કરવી અ. નં. ૩ નાલંદા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ સ્ટડીઝ, વડોદરાને એફ. વાય. કોમર્સ અને એફ. વાય. બી.બી.એ. માં પ્રવેશ ફાળવવા નહીં અને કોલજને તેની તાકીદે જાણ કરવી.**

૧૯૭. અંધજન શિક્ષણ મંડળ,સુરત સંચાલિત ધીરજલાલ મગનલાલ ધ્રુવ, ઘોડદોડ રોડ, સુરત માં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ. (વિઝુઅલ ઈમ્પેરર્ડ) શૈક્ષણિક વર્ષ ૨૦૧૦ –૧૧ થી બંધ કરવા પ્રસ્તુત મંડળના પ્રમુખશ્રીના તા.૫–૫–૨૦૧૦ના પત્રાંકઃ એ/ ૧૪૬/ ૧૦થી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અંધજન શિક્ષણ મંડળ,સુરત સંચાલિત ધીરજલાલ મગનલાલ ધ્રુવ, ઘોડદોડ રોડ, સુરત માં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ. (વિઝુઅલ ઈમ્પેરર્ડ) શૈક્ષણિક વર્ષ ૨૦૧૦ –૧૧ થી બંધ કરવા પ્રસ્તુત મંડળના પ્રમુખશ્રીના તા.૫–૫–૨૦૧૦ના પત્રાંકઃ એ/ ૧૪૬/ ૧૦થી ફી માફ કરવા કરેલ વિનંતી ટ્રસ્ટના હેતુઓ તથા કામગીરી જોતાં ખાસ કિસ્સા તરીકે ગ્રાહ્ય રાખવી તેમજ વિદ્યાર્થીઓને અન્ય સંસ્થામાં ફાળવવા.**

અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.

૧૯૮. યુજીસીની અગિયારમી પંચવર્ષિય યોજના અંતર્ગત યુનિવર્સિટીને Internet Facilities Networking/ICT માટે ગ્રાંટ પ્રાપ્ત થઇ હતી. જે માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તા. ૧૭/૦૨/૧૦ રાખવામાં આવી હતી. ટેન્ડરમાં Active Componentsમાં Extreme, Cisco તેમજ Foundry કંપનીની Product માન્ય રાખવામાં આવી હતી.

તા. ૧૫/૨/૧૦ના રોજ D-Link (India) Ltd. દ્વારા યુનિવર્સિટીને રજૂઆત કરવામાં આવી હતી કે તેમની કંપની ૧૦૦થી વધુ દેશોમાં Networkingનું કામ કરે છે. સમગ્ર ભારત દેશમાં ૧૭ ઓફીસ દ્વારા ૨૩ પ્રદેશોમાં તેમની Productનું વેચાણ કરવામાં આવે છે. તેમજ ગુજરાતમાં ૩ સર્વિસ સેન્ટરો દ્વારા કામગીરી કરવામાં આવે છે. તેઓ પણ અન્ય વિદેશી કંપનીઓની જેમ Networkingની કામગીરી કરવા સક્ષમ હોઇ તેમનો પણ સમાવેશ ટેન્ડરમાં માન્ય Product તરીકે કરવો જોઇએ.

ભારતીય કંપનીને પ્રોત્સાહન મળે તેવી સરકારશ્રીની નીતિ તેમજ યુનિવર્સિટીને વધુ તંદુરસ્ત હરિફાઇયુક્ત ભાવો મળે તે ધ્યાને લઇ D-Link (India) Ltd.નો માન્ય Product તરીકે સમાવેશ કરી ટેન્ડર Revised કરવામાં આવ્યું હતું અને ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તા. ૧૭/૦૨/૨૦૧૦ને બદલે ૨૩/૦૨/૨૦૧૦ કરવામાં આવી હતી. આ અંગેનું Corrigendum ગુજરાત મિત્ર, સંદેશ તથા દિવ્ય ભાસ્કર વર્તમાનપત્રોમાં પ્રકાશિત કરવામાં આવ્યું હતું તેમજ યુનિવર્સિટીની વેબસાઇટ પર પણ મૂકવામાં આવેલ હતું. આ સંદર્ભે નિયત સમયમર્યાદા ૨૩/૦૨/૨૦૧૦, ૪:૦૦ pm સુધીમાં નીચેની કંપનીઓના ટેન્ડર યુનિવર્સિટીને મળેલ હતા.

ક્રમ નં	કંપનીનું નામ	ક્વોટ કરેલ પ્રોડક્ટ	ટેન્ડર મળેલ તારીખ અને સમય
૧.	Innovative Telecom & Software Pvt. Ltd.	D-Link	૨૩/૦૨/૨૦૧૦ ૧૨:૦૫ pm
૨.	Transit Electronics Pvt. Ltd.	D-Link	૨૩/૦૨/૨૦૧૦ ૦૧:૧૫ pm
૩.	Avaya Global Connect Ltd.	Extreme	૨૩/૦૨/૨૦૧૦ ૦૩:૧૦ pm
૪.	Geo System & Solutions	Extreme	૨૩/૦૨/૨૦૧૦ ૦૩:૩૫ pm

ટેન્ડરની શરતો પૈકી ભાવ ભરનાર કંપની દ્વારા Original Equipment Manufacturer (OEM) તરફથી Product અંગેની તમામ જવાબદારી OEMની રહેશે તે મુજબની ગેરંટી તથા વોરંટી અંગેનું પ્રમાણપત્ર ટેન્ડર સાથે જોડવાની એક અગત્યની શરત હતી. Transit Electronics Pvt. Ltd. અને Innovative Telecom & Software Pvt. Ltd. દ્વારા D-Link કંપનીની Productના ભાવ ભરવામાં આવ્યા હતા જ્યારે Avaya Global Connect Ltd તથા Geo System & Solutionsએ Extreme કંપનીની Productના ભાવ ભર્યા હતા. Avaya Global Connect Ltd તથા Geo System & Solutions દ્વારા રજૂ કરવામાં આવેલ Authorization Certificate એક જ સરખું હતું જ્યારે Transit Electronics Pvt. Ltd.અને Innovative Telecom & Software Pvt. Ltd. દ્વારા D-Link કંપની તરફથી આપવામાં આવેલ Authorization Certificate જુદા જુદા પ્રકારના હતા. Transit Electronics Pvt. Ltd. દ્વારા રજુ કરવામાં આવેલ Authorization Certificateમાં તારીખ ન હતી, તદ્પરાંત Certficate કયા અધિકારી દ્વારા આપવામાં આવેલ છે તેનું નામ તથા હોદ્દો દર્શાવવામાં આવેલ ન હતા. આ Certificate કોને ઉદ્દેશીને લખવામાં આવેલ છે તે પણ સ્પષ્ટ ન હતું. D-Link (India)

Ltd. બંને કંપનીઓની જવાબદારી લે છે કે કેમ ? તેવી ટેલીફોનીક ચર્ચા D-Link (India) Ltd.ના શ્રી ગૌરવ ભટનાગર, બ્રાંચ હેડ - ગુજરાત સાથે કરતા તેમણે જણાવેલ કે તેઓ એ માત્ર Innovative Telecom & Software Pvt. Ltdને જ Authorization આપેલ છે તેમણે Transit Electronics Pvt. Ltd.ને Authorization આપેલ નથી. વધુમાં તેમની પાસે આ બાબત લેખિતમાં યુનિવર્સિટીને મોકલી આપવા વિનંતી કરેલ. જે સંદર્ભે D-Link (India) Ltd.ના શ્રી ગૌરવ ભટનાગર, બ્રાંચ હેડ - ગુજરાત દ્વારા પત્ર યુનિવર્સિટીને મોકલી આપવામાં આવેલ જે યુનિવર્સિટીને તા. ૫/ ૦૩/ ૨૦૧૦ના રોજ મળેલ અને જેની નોંધ યુનિવર્સિટીના ઇનવર્ડ રજીસ્ટરમાં આવક નં. ૨૪૧૬થી કરવામાં આવેલ છે. (બિડાણ-A)

ઉપરોક્ત બાબત ધ્યાને લઇ તા. ૮/૦૩/૨૦૧૦ના રોજ Comparative Statement બનાવતા D-Link (India) Ltd. દ્વારા Transit Electronics Pvt. Ltd.ને Authorization આપેલ ન હોઇ તેમજ Transit Electronics Pvt. Ltd સાથેના વ્યવહારમાં તેમની કોઇ જવાબદારી રહેશે નહી તેમ જણાવેલ હોઇ ટેકનીકલ કારણસર Transit Electronics Pvt. Ltd.નું ટેન્ડર રદ કરવામાં આવેલ અને બાકીની ત્રણ કંપનીઓનું Comparative Statement બનાવવામાં આવેલ. જે નાણા સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવેલ હતું જે નીચે મુજબ છે.

ક્રમ નં	કંપનીનું નામ	ક્વોટ કરેલ પ્રોડક્ટ	ક્વોટ કરેલ રકમ
૧.	Avaya Global Connect Ltd.	Extreme	૬૯,૩૪,૯૮૨/-*
૨.	Geo System & Solutions	Extreme	૫૦,૦૩,૯૫૭/-*
૩.	Innovative Telecom & Software Pvt. Ltd.	D-Link	૪૭,૫૬,૧૭૧/-

***૧ USD = ૪૬/- INR has been assumed for price quoted in USD**

નાણા સમિતિએ તેની તા. ૨૩/૦૩/૨૦૧૦ની બેઠકના ઠરાવ કમાંક નં. ૪ મુજબ સૌથી નીચા ભાવ ભરનાર કંપની સાથે મા કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને ત્રણ સભ્યોની સમિતિ બનાવી જરૂરી Negotiation કરતા તા. ૦૮/૦૪/૨૦૧૦ના રોજ સૌથી નીચા ભાવ ભરનાર કંપની Innovative Telecom & Software Pvt. Ltd.ના પ્રતિનિધી શ્રી મિહિર ઝાવાલાએ રૂા.૫૬,૧૭૧/-નો ઘટાડો સ્વીકાર્યો હતો તથા D-Link (India) Ltd. તેમને જે કોઇ ભાવ ઘટાડો કરી આપે તે તમામ યુનિવર્સિટીને ઘટાડવાની તૈયારી દર્શાવી હતી.

સિન્ડિકેટની સભાએ ઉપરોક્ત તમામ બાબતોની નોંધ લઇ D-Link (India) Ltd.ના શ્રી ગૌરવ ભટનાગર, બ્રાંચ હેડ - ગુજરાત તથા Innovative Telecom & Software Pvt. Ltd.ના પ્રતિનિધી શ્રી મિહિર ઝાવાલા સાથે Negotiation હાથ ધરતા પહેલા તેમના દ્વારા Transit Electronics Pvt. Ltd. દ્વારા આપવામાં આવેલ Authorization Certificateની વિશ્વસનિયતા અંગે D-Link (India) Ltd.ના શ્રી ગૌરવ ભટનાગર, બ્રાંચ હેડ - ગુજરાતને પૂછવામાં આવેલ હતું. જે અંગે તેમણે જણાવ્યું હતું કે આ Certificate તેમની ઓફિસ દ્વારા આપવામાં આવેલ ન હતું તેમજ તેમાં સહી કોના દ્વારા કરવામાં આવેલ છે તે જાણતા નથી તેમ છતાં તેમના Office record તપાસી તેઓ યુનિવર્સિટીને લેખિતમાં જાણ કરશે. આમ, તેમણે સિન્ડિકેટની સભા સમક્ષ સ્પષ્ટ કર્યું હતું કે Transit Electronics Pvt. Ltd.નું D-Link (India) Ltd.સાથે કોઇ જ જોડાણ નથી તેમજ Transit Electronics Pvt. Ltd.ને કોઇપણ પ્રકારની ગેરંટી, વોરંટી કે Authorization આપેલ નથી.

ઉપરોક્ત બાબત ધ્યાને લઇ સિન્ડિકેટની સભા સર્વાનુમતે ઠરાવે છે કે Transit Electronics Pvt. Ltd.ને Technically disqualified કરવામાં આવેલ છે તેને માન્ય રાખવું અને બાકી રહેતી ત્રણ કંપનીઓ પૈકી સૌથી નીચા ભાવ ભરનાર કંપની સાથે ભાવ માટે વાટાઘાટો કરવી.

આ સંદર્ભે D-Link (India) Ltd.ના શ્રી ગૌરવ ભટનાગર, બ્રાંચ હેડ - ગુજરાત તથા Innovative Telecom & Software Pvt. Ltd.ના પ્રતિનિધી શ્રી મિહિર ઝાવાલા સાથે સંયુક્ત વાટાઘાટો કરતા તેમણે અંતિમ ભાવ રૂા. ૪૨ લાખ આપેલ હતો જેની સિન્ડિકેટ સમક્ષ લેખિત પત્ર દ્વારા સંમતિ દર્શાવવામાં આવેલ હતી.

ઉપરોક્ત બાબત ધ્યાને લેતા અંતિમ પરિસ્થિતિ નીચે મુજબ થઇ હતી.

ક્રમ નં	કંપનીનું નામ	ક્વોટ કરેલ પ્રોડક્ટ	ક્વોટ કરેલ રકમ
૧.	Innovative Telecom & Software Pvt. Ltd.	D-Link	૪૨,૦૦,૦૦૦/-
૨.	Geo System & Solutions	Extreme	૫૦,૦૩,૯૫૭/-*
૩.	Avaya Global Connect Ltd.	Extreme	૬૯,૩૪,૯૮૨/-*

*૧ USD = ૪૬/- INR has been assumed for price quoted in USD

આમ, Innovative Telecom & Software Pvt. Ltd.એ દર્શાવેલ ભાવ રૂા. ૮,૦૩,૯૫૭/- ઓછા ક્વોટ કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ સમગ્ર ટેન્ડરની વિગતોનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરતા માલૂમ પડ્યું હતું કે મૂળ ટેન્ડર Extreme, Cisco તથા Foundryને ધ્યાને લઇ બનાવવામાં આવેલ ટેન્ડરમાં D-Linkનો ઉમેરો પાછળથી કરવામાં આવ્યો હતો. Technical specification, Extreme કંપનીને ધ્યાનમાં રાખી બનાવવામાં આવેલ હતા. આથી ભવિષ્યમાં system ચલાવવામાં પ્રતિકૂળતા ઉભી ન થાય તે બાબતને ધ્યાને લઇ કોઇપણ કંપનીની Product વધુમાં વધુ યુનિવર્સિટીના Specification પ્રમાણે Match થાય અને Product પુરી પાડી શકે તે રીતનું કોઇપણ કંપનીની Product ધ્યાનમાં લીધા **સિવાય ટેન્ડર તૈયાર કરી સમગ્ર પ્રક્રિયા પુનઃ કરવા અંગે વિચારણા કરવા બાબત.**

(વહીવટી)

:: **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સમગ્ર બાબતની વિચારણા કરતાં ભવિષ્યમાં System ચલાવવામાં પ્રતિકુળતા ઉત્પન ન થાય તે બાબત ધ્યાને લઈ કોઈપણ કંપનીની Products વધુમાં વધુ Specification પ્રમાણે Match થાય તથા Product પૂરી પાડી શકે તે રીતનું કોઈપણ કંપનીની Product ધ્યાનમાં લીધા સિવાય ટેન્ડર તૈયાર કરી સમગ્ર પ્રક્રિયા પુન : કરવી.**

૧૯૯. યુનિવર્સિટી રોજમદારો તેમજ યુનિવર્સિટીના સેલ્ફ ફાઇનાન્સ કોર્ષોમાં કામ કરતાં કર્મચારીઓ અંગે નિતિ વિષયક બાબત અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી રોજમદારો તેમજ યુનિવર્સિટીના સેલ્ફ ફાઇનાન્સ કોર્ષોમાં કામ કરતાં કર્મચારીઓ અંગે નીચે મુજબ ઠરાવવામાં આવે છે**

૧. **વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેવામાંથી નિવૃત્ત થયેલ કર્મચારીઓને કુલપતિશ્રીની મંજુરીની આધિન જરૂરિયાત મુજબ નીચેની શરતોએ સેવા લેવી.**

૧. **તેઓની પ્રથમ ૧૧ માસ માટે કરાર આધારિત સેવા લેવી.**

૨. **તેઓ જે કેડરમાં નિવૃત થયા હોય તે મુજબ નીચે મુજબનો ફીક્ષ પગાર (અન્ય કોઈપણ પ્રકારના ભથ્થાં મેળવવા હકકદાર રહેશે નહીં) આપી તેઓની સેવા કલાર્ક તરીકે લેવી.**

કાર્યાલય અધિક્ષક	**૧૦,૦૦૦/–**
હેડકલાર્ક	**૮,૦૦૦/–**
સિનીયર કલાર્ક	**૭,૦૦૦/–**
જુનિયર કલાર્ક	**૬,૦૦૦/–**
પટાવાળા	**૫,૦૦૦/–**

કુલપતિશ્રી કાર્યભાર જોતા જરૂરિયાત પ્રમાણે પસંદગી મુજબ નિવૃત્ત કર્મચારીઓને નિમણુંક આપી શકશે. વધુમાં ૧૧ મહિના પૂર્ણ થયે કાર્યભાર મુજબ જરૂરિયાત જણાયતો અને તેમની કામગીરી સંતોષકારક જણાય તો કોન્ટ્રાકટ રીન્યુ કરી શકશે.

૨. **યુનિવર્સિટીના વિવિધ વિભાગો/ સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં રોજમદાર ધોરણે કામ કરતા કર્મચારીઓ માટે નીચે મુજબની ડેઈલી વેજીસ નકકી કરવામાં આવી છે.**

જગા	**લેવલ – ૧ રૂા. પ્રતિ દિન**	**લેવલ – ૨ રૂા. પ્રતિ દિન**	**લેવલ – ૩ રૂા. પ્રતિ દિન**
જુનિયર કલાર્ક	**૧૬૧/–**	**૨૫૦ /–**	**૩૩૩ /–**
પટાવાળા	**૧૪૪ /–**	**૨૦૮ /–**	**૨૫૦ /–**
વાયરમેન/ ઈલેકટ્રીશીયન/ ફીટર/ પ્લમ્બર/ પંપ ઓપરેટર	**૨૨૫ /–**	**૨૫૦ /–**	**–**
ટેકનીકલ જગા (ટેકનીકલ આસિસ્ટન્ટ,લેબ. આસિસ્ટન્ટ, લાયબ્રેરીયન, વગેરે)	**હાલમાં જે પગાર મળે છે તેમાં માસિક રૂા.૧,૦૦૦/– થી ૨૦૦૦/– સુધી કેડર વાઈસ વધારો કરવા માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**		

ઉપરોકત ઠરાવનો જૂન – ૨૦૧૦થી અમલ કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં વિવિધ વિભાગો/ સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં કાર્યભાર ચકાસી રોજમદારોની જરૂરીયાત નકકી કરવા નીચે મુજબના સભ્યોની સમિતિ નિમવી.

(૧) શ્રી દિનેશભાઈ દાસા (૨) આ . ડૉ. વિક્રમભાઈ દેસાઈ (૩) ડૉ. મોહિનીબેન ગઢિયા

૨૦૦. સિન્ડિકેટના સભ્યશ્રીઓએ નાયબ કુલસચિવ ડૉ. કે. એ.પટેલને નિયમ મુજબ તાત્કાલિક અસરથી નોકરીમાંથી છૂટા કરવા માટે આપેલ રજૂઆત અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, નાયબ કુલસચિવની જગ્યા માટે યુ.જી.સી. દ્વારા નિયત થયેલ અને યુનિવર્સિટી દ્વારા સ્વીકારાયેલ લાયકાતના લઘુત્તમ ધારાધોરણોની પૂર્તતા ન થતી હોવાને કારણે હાલમાં અજમાયશી ધોરણે નાયબ કુલસચિવના પદે કામ કરતા શ્રી કે. એ. પટેલને નિયમાનુસાર તાત્કાલિક અસરથી ફરજમાંથી મુકત કરવા.**

૨૦૧. એચ.આર.શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ–નવસારીના વ્યાખ્યાતા / ઈ.ચા. આચાર્ય શ્રી ભરતકુમાર કે. દેસાઈના ગેરવહીવટ અને ગેરકૃત્યો અંગે નીમાયેલી તપાસ સમિતિનો અહેવાલ તા.૩/૪–૬–૨૦૧૦ બાબત ક્રમાંક : ૧૮૨ હેઠળ સર્વાનુમતે સ્વીકારી યુનિવર્સિટીના અધિકારક્ષેત્રમાં આવતી કડકમાં કડક સજા શ્રી ભરતકુમાર કે. દેસાઈને કેમ ન કરવી તે માટેનો ખુલાસો–કારણદર્શક નોટિસ આપી તપાસ સમિતિના અહેવાલની નકલ તેમને મોકલી ત્રણ દિવસમાં માંગવાનો અને તે બાબતની વિચારણા તા.૧૧–૬–૨૦૧૦ ના રોજ મળનાર સિન્ડિકેટની એડજોર્ન મિટીગમાં લેવાનો નિર્ણય લેવાયો હતો તે અન્વયે યુનિવર્સિટી પત્રાંક : એસ/ ૫૫૮૧/ ૨૦૧૦ તા.૫–૬–૨૦૧૦ થી તપાસ સમિતિના અહેવાલ સાથે તે યુનિવર્સિટી કર્મચારી મારફતે હાથોહાથ મોકલવામાં આવી હતી જે તેમણે લેવાનો ઈન્કાર કર્યો હતો. આથી તે પત્રને તા.૬–૬–૨૦૧૦ ના રવિવારના રોજ રજીસ્ટર એ.ડી. સ્પીડ પોસ્ટ નંબર EG414141551 IN P.O.D. NO. 063 રેલ્વે પોસ્ટ ઓફિસ સુરતથી મોકલવામાં આવ્યો હતો. તેમજ તા.૭–૬–૨૦૧૦ ના રોજ ફરીથી તે પત્ર શ્રી ભરતકુમાર કે. દેસાઈ હાથોહાથ મોકલવામાં આવ્યો હતો જેનો તેમણે સ્વીકાર કર્યો હતો અને તા.૭–૬–૨૦૧૦ ના રોજ શ્રી ભરતકુમાર કે. દેસાઈએ એક પત્ર યુનિવર્સિટીના એ જ કર્મચારીને આપી જવાબ આપવા માટે ૧૫ દિવસની મુદત માંગી હતી. તેના અનુસંધાનમાં યુનિવર્સિટીના પત્રાંક : એસ/ ૫૬૫૬/ ૨૦૧૦ તા.૮–૬–૨૦૧૦ થી તેમની લાંબી મુદતની વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવી ન હતી પરંતુ તે મુદત તા.૧૦–૬–૨૦૧૦ ના રોજ સાંજે ૪ : ૦૦ વાગ્યા સુધી લંબાવી આપવાની જાણ શ્રી ભરતકુમાર કે. દેસાઈને કરવામાં આવી હતી, તેમ છતાં તે સમયમર્યાદામાં શ્રી ભરતકુમાર કે. દેસાઈએ કારણદર્શક નોટિસનો કોઈ જવાબ / ખુલાસો કર્યો નથી અને તા.૧૦–૬–૨૦૧૦ ના રોજ કોલેજ કર્મચારી દ્વારા હાથોહાથ પત્ર મોકલી જવાબ / ખુલાસો આપવા માટે વધુ ૧૫ દિવસની મુદત માંગી છે. તે અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન અને દક્ષિણ ગુજરાત મહિલા કેળવણી મંડળ સંચાલિત એચ. આર. શાહ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ–નવસારીના વ્યાખ્યાતા અને તત્કાલીન ઈન્ચાર્જ આચાર્ય શ્રી ભરતકુમાર કે. દેસાઈ તથા સંચાલક મંડળ દ્વારા યુનિવર્સિટીના વખતો વખતના તમામ આદેશો ફગાવી દેવામાં આવતા તેમજ કોલેજના વહીવટમાં ઊભા થયેલા અનેક પ્રશ્નોની સર્વગ્રાહી તપાસ કરી અહેવાલ રજૂ કરવા માનનીય કુલપતિશ્રીએ નીમેલી તપાસ સમિતિએ તા.૧૯–૪– ૨૦૧૦ અને તા.૨૧–૫ –૨૦૧૦ ના રોજ યુનિવર્સિટીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ તમામ ફરિયાદો, આનુષાંગિક દસ્તાવેજો, પત્રવ્યવહારો, ભૂતકાળની તપાસ સમીતીના અહેવાલો અને સરકારશ્રીના પત્રો વિગેરેનો અભ્યાસ કરી ૨૧ મુદ્દાઓ/આરોપો બાબતમાં સદર કોલેજના વ્યાખ્યાતા શ્રી ભરતકુમાર કે. દેસાઈ અને સંચાલક મંડળનો ખુલાસો માંગવાનો**

નિર્ણય લીધો હતો તે અન્વયે તા. ૨૧ – ૫ – ૨૦૧૦ નાં પત્રક્રમાંક : એસ/ ૫૦૩૫/ ૨૦૧૦ થી તેમને તા.૨૮–૫–૨૦૧૦ ના રોજ બપોરે ૨–૦૦ કલાકે સમિતિ સમક્ષ ઉપસ્થિત રહી લેખિત તેમજ મૌખિક ખુલાસો રજૂ કરવા જણાવ્યું હતું. આ પત્ર સાથે દરેક મુદ્દાના આરોપના સંદર્ભમાં જે કોઈ આધાર પુરાવાઓ યુનિવર્સિટીના રેકર્ડ પર હતા તેની નકલ તેમને મોકલવામાં આવી હતી. ત્યારબાદ તેમની માંગણી મુજબ તે મુદત તા.૩૧–૫–૨૦૧૦ સુધી લંબાવવામાં આવી હતી.

ઉપરોકત પત્રના સદર્ભમાં સદર કોલેજના વ્યાખ્યાતા શ્રી ભરતકુમાર કે. દેસાઈ યુનિવર્સિટી કાર્યાલય ઉપર રૂબરૂ આવી તા.૩૧–૫–૨૦૧૦ ના રોજની સમય મર્યાદા પૂરી થાય તે પહેલા તેમની અને સંચાલક મંડળના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અતુલભાઈ શાહની સહીથી સંયુકત પત્ર આપી ૨૧ મુદ્દાઓનો/ આરોપોનો લેખિત ખુલાસો અને તેની સાથે તેમણે આપેલા દસ્તાવેજોની ઝેરોક્ષ નકલો આપી હતી જેને રેકર્ડ ઉપર લેવામાં આવ્યા હતા તેમજ તપાસ સમિતિએ તા.૧–૬–૨૦૧૦ ના રોજ વધુ સુનાવણી રાખી તેમને મૌખિક નિવેદન નોંધાવવા પણ જણાવ્યું હતું પરંતુ તેઓ અન્યત્ર રોકાયેલા હોવાનું જણાવી હાજર રહ્યા ન હતા અને સંચાલક મંડળના મેનેજીંગ ટ્રસ્ટી પણ તેમને આદેશ આપવા છતાં મૂળ રેકર્ડ કે વહીવટી કર્મચારીઓને લાવ્યા ન હતા અને તેમણે પણ મૌલિક નિવેદન નોંધાવવા ઈન્કાર કર્યો હતો. આમ તેમને તે તબકકે કુદરતી ન્યાયના સિધ્ધાંત પ્રમાણે પૂરતી તક આપવામાં આવી હતી.

સમિતિએ જે માહિતીઓ રેકર્ડ પર ઉપલબ્ધ હતી તેને અને સદર કોલેજના વ્યાખ્યાતા અને ઈ.ચા. આચાર્ય શ્રી ભરતકુમાર કે. દેસાઈએ તથા સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અતુલભાઈ શાહે તા.૩૧–૫–૨૦૧૦ ના રોજ સંયુકત રીતે ૨૧ મુદ્દાનો / આક્ષેપોનો આપેલો લેખિત ખુલાસો અને તેની સાથે રજૂ કરેલા દસ્તાવેજોને ધ્યાને લઈને દરેક આરોપો / મુદ્દાઓ પર સમિતિ તારણો આપી અહેવાલ આપ્યો હતો તે સિન્ડિકેટની તા.૩/૪–૬–૨૦૧૦ ની બાબત ક્રમાંક : ૧૮૨ થી વિચારણામાં લઈ સર્વાનુમતે તે અહેવાલ સ્વીકાર કરવામાં આવ્યો હતો અને વધુમાં ઠરાવ્યું હતુ કે, શ્રી ભરતકુમાર કે. દેસાઈ સદર કોલેજમાં યુનિવર્સિટી દ્વારા તેમને શિક્ષક તરીકેની માન્યતા અપાયેલી હોવાથી વ્યાખ્યાતા તરીકે સેવામાં છે અને એ કારણે તેઓ ઈ.ચા. આચાર્ય તરીકે લગભગ ૧૫ વર્ષથી છે. પરંતુ ઉપર જણાવ્યા મુજબ તેઓના કિન્નાખોરીભર્યા વ્યવહાર અને ગેરવહીવટને કારણે અધ્યાપકો, બિનશૈક્ષણિક કર્મચારીઓ અને કોલેજની વિદ્યાર્થીનીઓનું ભારે અહિત થઈ રહેલ હતુ અને છે. સંસ્થાનો વિકાસ અટકી ગયો છે. યુનિવર્સિટી સાથેની સંવાદીતા જળવાતી બંધ થઈ ગઈ છે. કોલેજમાં ગંભીર નાણાંકીય ગેરવહીવટ થઈ રહયો છે, તે કારણે છેલ્લા ૧૫ વર્ષમાં સરકારશ્રી અને યુનિવર્સિટીએ તેમને બદલી અન્ય અધ્યાપકને ઈન્ચાર્જ આચાર્ય તરીકે નિમવા જણાવ્યું હતું પરંતુ સંચાલક મંડળે ઈ.ચા. આચાર્યશ્રી ભરતકુમાર કે. દેસાઈ સાથેના મેળાપીપણામાં તે તમામ આદેશોને અવગણ્યા હતા અને સદર કોલેજના ઈ.ચા. આચાર્ય તરીકે

શ્રી ભરતકુમાર કે. દેસાઈએ તમામ આદેશોને અવગણીને તે હોદ્દા ઉપર ચાલુ રહી અધ્યાપકો અને કર્મચારીઓ વિરૂધ્ધ આપખુદશાહી રીતે કિન્નાખોરી ભર્યો વહેવાર, વિદ્યાર્થીનીઓનું અહિત કરવાની પ્રવૃત્તિ અને નાણાકીય ગેરવહીવટ વગેરે ચાલુ રાખી યુનિવર્સિટીના તમામ આદેશોને અવગણવાનું ચાલુ રાખ્યું હતુ અને સંચાલક મંડળે અગમ્ય કારણોસર વ્યાખ્યાતા અને ઈ.ચા. આચાર્ય શ્રી ભરતકુમાર કે. દેસાઈના તમામ ખોટા કૃત્યોમાં સાથ સહકાર આપ્યો હતો. તે તમામ સંજોગોમાં તેમના ગુનાહિત કૃત્યો બદલ શ્રી ભરતકુમાર કે. દેસાઈ સામે યુનિવર્સિટીના અધિકારક્ષેત્રમાં આવતી કડકમાં કડક સજા કેમ ન કરવી તેવો ખુલાસો કારણદર્શક નોટિસ આપી તેમને તપાસ સમિતિના અહેવાલની નકલ તેમને મોકલી ત્રણ દિવસમાં જવાબ કે ખુલાસો માંગવાનું ઠરાવ્યું હતું. અને તે આધારે તા.૧૧–૯–૨૦૧૦ ના રોજ મળનાર સિન્ડિકેટની એડજોર્ન મીટીંગમાં નિર્ણય લેવાનું ઠરાવ્યું હતું.

અને આથી યુનિવર્સિટીના અધિકારક્ષેત્રમાં આવતી કડકમાં કડક સજા સદર કોલેજના વ્યાખ્યાતા અને ઈ.ચા. આચાર્ય શ્રી ભરતકુમાર કે. દેસાઈને કેમ ન કરવી તે માટેની કારણદર્શક નોટિસ યુનિવર્સિટી પત્રાંક : એસ/ ૫૫૮૧/ ૨૦૧૦ તા.૫–૯–૨૦૧૦ થી તપાસ સમિતિના અહેવાલની નકલ સાથે યુનિવર્સિટી કર્મચારી મારફતે હાથોહાથ મોકલવામાં આવી હતી જે તેમણે લેવાનો ઈન્કાર કર્યો હતો. આથી તે પત્રને તા.૯–૯–૨૦૧૦ ના રોજ રજીસ્ટર એ.ડી. સ્પીડ પોસ્ટ નંબર EG414141551 IN P.O.D. NO. 063 થી રેલ્વે પોસ્ટ ઓફિસ સુરતથી તેમને મોકલવામાં આવ્યો હતો. તેમજ તા.૭–૯–૨૦૧૦ ના રોજ ફરીથી તે પત્ર તપાસ સમિતિના અહેવાલની નકલ સાથે શ્રી ભરતકુમાર કે. દેસાઈને હાથોહાથ મોકલવામાં આવ્યો હતો જેનો તેમણે સ્વીકાર કર્યો હતો અને તા.૭–૯–૨૦૧૦ ના રોજ શ્રી ભરતકુમાર કે. દેસાઈએ એક પત્ર યુનિવર્સિટીનો પત્ર તેમને હાથોહાથ આપવા જનાર કર્મચારીને આપી જવાબ આપવા માટે ૧૫ દિવસની મુદત માંગી હતી. તેના અનુસંધાનમાં યુનિવર્સિટીના પત્રાંક : એસ/ ૫૯૫૯/ ૨૦૧૦ તા.૮–૯–૨૦૧૦ થી તેમની લાંબી મુદતની વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવી ન હતી પરંતુ તે મુદત તા.૧૦–૯–૨૦૧૦ ના રોજ સાંજે ૪ : ૦૦ વાગ્યા સુધી લંબાવી આપવાની જાણ શ્રી ભરતકુમાર કે. દેસાઈને કરવામાં આવી હતી, તેમ છતાં તે સમયમર્યાદામાં શ્રી ભરતકુમાર કે. દેસાઈએ કારણદર્શક નોટિસનો કોઈ જવાબ / ખુલાસો કર્યો નથી અને તા.૧૦–૯–૨૦૧૦ ના રોજ કોલેજ કર્મચારી દ્વારા હાથોહાથ પત્ર મોકલી જવાબ / ખુલાસો આપવા માટે વધુ ૧૫ દિવસની મુદત માંગી છે. તેઓ જવાબ આપવા વધુ મુદત માંગી તેઓ તા.૧૪–૯–૨૦૧૦ ના રોજ તેઓ નિવૃત્ત થઈ જાય અને યુનિવર્સિટી તેમની સામે કોઈ પગલાં ન લઈ શકે તેવી પરિસ્થિતિ નિર્માણ કરવા માંગતા હોવાનું સ્પષ્ટ જણાઈ આવતું હોવાથી તેમની મુદત લંબાવવાની માંગણી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી અને યુનિવર્સિટી દ્વારા તેમને ખુલાસો / જવાબ આપવાની પૂરતી તક આપવામાં આવી હોવાથી અને કુદરતી ન્યાયના સિધ્ધાંતોનું સંપૂર્ણ પાલન કરવામાં આવ્યું હોવાથી આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, તેમનાં પુરવાર થયેલા આ ગુનાહિત કૃત્યો ખૂબ જ ગંભીર પ્રકારના

છે જેવાં કે, સંક્ષિપ્તમાં

(૧) કોલેજની F.Y.B.A. અને F.Y.B.Com. ની ૨૦૦૮–૦૯ ની આંતરિક મૂલ્યાંકન કસોટીમાં થયેલ ગેરરિતી બાબત તથા કોલેજની T.Y.B.A. ની હોમસાયન્સ વિષયની સને ૨૦૦૯–૧૦ ની આંતરિક મૂલ્યાંકન કસોટીની ઉત્તરવહીઓ ગુમ થઈ જવા બાબતે યુનિવર્સિટીએ નીમેલી તપાસ સમિતિ સમક્ષ તેઓ ઉપસ્થિત રહ્યા ન હતા અને તે પરીક્ષાઓને લગતું મૂળ રેકર્ડ યુનિવર્સિટીનાં માંગવા છતાં તેમણે જમા કરાવ્યું ન હતું અને તપાસ સમિતિની કાર્યવાહી નિષ્ફળ કરી ગંભીર પ્રકારની નાફરમાની, ગેરરીતિ અને ગેરવર્તણૂંક આચરી છે.

(૨) કોલેજનાં ૧૨ અધ્યાપકોની ગુમ થયેલ સેવાપોથીઓ બાબતમાં તેઓની ડુપ્લીકેટ સેવાપોથી તૈયાર કરી ઉચ્ચશિક્ષણ કમિશનરશ્રીની કચેરીમાંથી તે મંજૂર કરાવવાની કાર્યવાહી તેઓ કોલેજમાં ૧૫ વર્ષથી ઈ.ચા. આચાર્ય હોવા છતા ૧૫ વર્ષમાં પૂરી કરેલ નથી અને અધ્યાપકોને રસ્તોગી, મેહરોત્રા, પગારપંચના લાભો ચૂકવાયા નથી અને છઠ્ઠું પગારપંચ પણ તે કારણે તેમને મળતું નથી અને નિવૃત્ત અધ્યાપકોનાં પેન્શન પણ બંધાયા નથી અને તે અધ્યાપકોને તેમણે ગંભીર આર્થિક નુકશાન અને માનસિક યાતના પહોંચાડી છે. અને આ અંગેની યુનિવર્સિટી અને સરકારશ્રીની તમામ સૂચનાઓનું તેમણે બદ–ઈરાદાપૂર્વક પાલન કર્યુ નથી. અને ગંભીર નાફરમાની, ગેરવર્તણૂંક અને ગેરશિસ્ત આચરી છે.

(૩) તેમજ સદર કોલેજનાં ચોકીદાર શ્રી બી.બી. જયસ્વાલ ટ્રીબ્યુનલના વચગાળાના હુકમ અન્વયે વર્ષોથી કોલેજમાં હાજર રહી ફરજ બજાવે છે તેમને તેમણે હાજરીપત્રકમાં સહી ન કરવા દઈ અને પગાર ન ચૂકવી અને તે બાબતના યુનિવર્સિટી અને સરકારનાં તમામ આદેશોનું તેમણે પાલન ન કરી નાફરમાની અને ગેરશિસ્ત અને ગેરવર્તણૂંક આચરી છે.

(૪) વિદ્યાર્થીનીઓને વર્ષો વર્ષ તેમની પસંદગીના વિષયો ગુજરાતી, હોમસાયન્સ વગેરે નહી લેવા દઈ તેમણે વિદ્યાર્થીનીઓનું ભારે અહિત કર્યુ છે અને તેમની કારકીર્દિ સાથે ચેડા કર્યા છે અને યુનિવર્સિટીના અને સરકારના તમામ આદેશોને અવગણી તેમણે ગંભીર નાફરમાની, ગેરશિસ્ત અને ગેરવર્તણૂંક આચરી છે.

(૫) કોલેજનાં પૂર્વ અધ્યાપક જે.આર. મહેતા જેઓ કોલેજની નોકરી છોડી યુનિવર્સિટીમાં જોડાયા છે તેમના પી.એફ. ના નાણાં બાબતનાં યુનિવર્સિટી કાર્યાલયનાં અને મા.કુલપતિશ્રીના વિનંતી પત્રો અને આદેશો તેમને મોકલવા છતાં તે તમામને અવગણીને તેમણે તે નાણાં યુનિવર્સિટીમાં શ્રી જે.આર. મહેતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા નથી અને નાફરમાની દાખવી ગંભીર ગેરશિસ્ત અને ગેરવર્તણૂંક આચરી છે.

(૬) તેમણે કોલેજની વિદ્યાર્થીનીઓને સ્ટુડન્ટ કાઉન્સીલ અને જીમખાના ફી વર્ષો વર્ષ ઉઘરાવી વિદ્યાર્થી કલ્યાણની કોઈ પ્રવૃત્તિ નહી કરી લાખો રૂપિયા સંચાલક મંડળને ગેરકાયદેસર આપી દઈ વિદ્યાર્થીનીઓનું

ભારે અહિત કર્યુ છે અને યુનિવર્સિટીના નિયમોનું સરેઆમ ભંગ કર્યો છે અને યુનિવર્સિટી આ અંગેના તમામ આદેશ ન માની ગંભીર ગેરશિસ્ત અને ગેરવર્તણૂંક આચરી છે.

(૭) આ કોલેજમાં ચાલતી એન.એસ.એસ. કે જે રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિને તેમણે આ કોલેજમાં બંધ કરી દીધી છે અને તેમ કરી તેમણે કોલેજ વિદ્યાર્થીનીઓને આ પ્રવૃત્તિથી વંચિત કરી દીધી છે. વિદ્યાર્થીનીઓનું ભારે અહિત કર્યુ છે અને યુનિવર્સિટીને સંલગ્ન તમામ ગ્રાન્ટેડ કોલેજમાં એન.એસ.એસ. ની પ્રવૃત્તિ ચાલે છે આ એક માત્ર કોલેજમાં આ રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિ તેમણે બંધ કરી દઈ ગંભીર ગેરવહીવટ અને ગેરશિસ્ત આચરી છે.

(૮) કોલેજમાં લાયબ્રેરીયનની જગ્યા માટે સરકારશ્રીએ મંજૂરી / એન.ઓ.સી. આપવા છતા તે તેમણે નહી ભરી કોલેજની વિદ્યાર્થીનીઓને અને અધ્યાપકોને છેલ્લા ૧૨ વર્ષથી લાયબ્રેરીના લાભથી વંચિત કરી દીધા છે અને વિદ્યાર્થીઓ પાસે લાયબ્રેરી ફી ઉઘરાવી તે નાણાં સંચાલક મંડળને ગેર કાયદેસર રીતે ટ્રાન્સફર કરી દીધા છે અને આમ કરી તેમણે ગંભીર ગેરરીતિ આચરી છે.

(૯) સને ૨૦૦૪–૦૫ ના વર્ષમાં વિદ્યાર્થીની બહેનોની સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીનીઓને આપવા કોલેજને અપાયેલી શિષ્યવૃત્તિની રકમ વિદ્યાર્થીનીઓને સમયસર ચૂકવી નથી અને કેટલીક રકમ વણચૂકવી રાખી બેંકનાં ખાતામાં જમા રહેવા દીધી છે. આમ કરી તેમણે ગંભીર ગેરરીતિ આચરી છે.

(૧૦) ૯ મી યોજનાના યુ.જી.સી. નાં ગ્રાન્ટનાં નાણામાં ટ્રાવેલીંગનો ખર્ચ બતાવી તે અંગેની ટિકિટ હિસાબમાં રજૂ ન કરી નાણાકીય ઉચાપત કરી છે. અને તેમ કરી ગંભીર ગેરવર્તણૂક અને ગેરશિસ્ત આચરી છે.

(૧૧) શ્રી ભરતકુમાર કે. દેસાઈનાં ગેરવહીવટનાં કારણે તેમને ઈ.ચા. આચાર્યપદે દૂર કરી અન્ય અધ્યાપકને ઈ.ચા. આચાર્ય તરીકે નીમવા યુનિવીર્સટી અને સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં અનેક આદેશ આપવા છતાં સંચાલક મંડળના મેળાપીપણામાં તેમણે તે આદેશોનું પાલન કર્યુ નથી અને ઈ.ચા. આચાર્યપદે ચાલુ રહી ગેરવહીવટ અને ગેરરીતિઓ ચાલુ રાખી અધ્યાપકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓનું અહિત કરવાનું ચાલુ રાખ્યું છે અને નાફરમાની કરી ગેરશિસ્ત ગેરવહીવટ અને ગેરરીતિઓ આચરી છે. અને યુનિવીર્સટીના નિતિનિયમોને અવગણવાનું ચાલુ રાખી ગંભીર નાફરમાની, ગેરશિસ્ત અને ગેરવર્તણૂક આચરી છે.

ઉપરોકત પુરવાર થયેલા આરોપો ઘણાં જ ગંભીર છે અને એક યુનિવર્સિટીનાં માન્ય (Recognised) શિક્ષક તરીકે હોવા છતાં યુનિવર્સિટી સાથેની તેમની નાફરમાની, ગેરવર્તણૂંક, ગેરશિસ્ત, ગેરરીતિ ખૂબ જ ગંભીર પ્રકારની છે અને સંચાલક મંડળ તેમની સાથે સંડોવાયેલા છે અને ઉપસ્થિત થયેલા આવા વિશિષ્ટ સંજોગોમાં યુનિવર્સિટીના અધિકારક્ષેત્રમાં આવતી તેમને કડકમાં કડક સજા તરીકે તેમની શિક્ષક તરીકેની માન્યતા તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે છે. તેમજ યુનિવર્સિટીના આ નિર્ણયના આધારે તેમની સદર

કોલેજનાં વ્યાખ્યાતા તરીકેની સેવાનો તાત્કાલિક અસરથી એટલે કે આજથી તા.૧૧–૬–૨૦૧૦ થી જ અંત આવતો હોવાથી તેઓ સ્ટીગમા વગર નિવૃત્ત થતા ન હોવાથી તેમને નિવૃત્તિના કોઈપણ લાભો જેવા કે ગ્રેજયુઈટી, પેન્શન વગેરે તમામ લાભો ન આપવા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીને, શિક્ષણ સચિવશ્રીને, પેન્શન અને પ્રોવિડંડ ફંડ કચેરીને અને સરકારશ્રીના સબંધિત ખાતાઓને તેમજ સંચાલક મંડળને જણાવવાનું પણ ઠરાવવામાં આવે છે.

(આ બાબતની ચર્ચા વિચારણા અને નિર્ણય દરમિયાન હોદાની રૂએ કુલસચિવશ્રી જે.આર. મહેતા સિન્ડિકેટના સેક્રટરી હોવા છતાં તેઓ એચ.આર. શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ–નવસારીના ભૂતપૂર્વ વ્યાખ્યાતા હોવાના કારણે મીટીંગમાં ગેરહાજર રહ્યા હતા અને તેમની જગ્યાએ મદદનીશ કુલસચિવ શ્રી હિતેશ વાઘેલા સિન્ડિકેટના સેક્રેટરી તરીકે કામગીરી કરી હતી.)

૨૦૨. એચ.આર.શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ–નવસારીના વ્યાખ્યાતા / ઈ.ચા. આચાર્ય શ્રી ભરતકુમાર કે. દેસાઈના ગેરવહીવટ અને ગેરકૃત્યો અંગે નીમાયેલી તપાસ સમિતિનો અહેવાલ તા.૩/૪–૬–૨૦૧૦ બાબત ક્રમાંક : ૧૮૨ હેઠળ સર્વાનુમતે સ્વીકારવાનો નિર્ણય લીધો હતો. અને એચ.આર.શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ–નવસારીના સંચાલક મંડળના દિન ૩ માં બાંહેધરી પત્ર (એફિડેવિટ) મંગાવવાનો અને તે અંગેનો નિર્ણય તા.૧૧–૬–૨૦૧૦ ના રોજ મળનાર સિન્ડિકેટની એડજોર્ન સભામાં લેવાનો નિર્ણય લેવાયો હતો તે અન્વયે તે અંગેનો યુનિવર્સિટી પત્રાંક : એસ/ ૫૫૮૨/ ૨૦૧૦ તા.૫–૬–૨૦૧૦ યુનિવર્સિટી કર્મચારી મારફતે હાથોહાથ મોકલવામાં આવ્યો હતો જેનો મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અતુલભાઈ શાહે સ્વીકાર કર્યો હતો અને તા.૮–૬–૨૦૧૦ ના રોજ દક્ષિણ ગુજરાત મહિલા કેળવણી મંડળ–નવસારીના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અતુલભાઈ શાહે યુનિવર્સિટીને ફેક્ષ પત્રથી બાંહેધરી પત્ર (એફિડેવિટ) કરવા માટે ૧૫ દિવસની મુદત લંબાવવા માટે માંગણી કરી હતી. તેના અનુસંધાનમાં યુનિવર્સિટીના પત્રાંક : એસ/ ૫૬૭૦/ ૨૦૧૦ તા.૮–૬–૨૦૧૦ થી તેમની લાંબી મુદતની વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવી ન હતી પરંતુ તે મુદત તા.૧૦–૬–૨૦૧૦ ના રોજ સાંજે ૪ : ૦૦ વાગ્યા સુધી લંબાવી આપવાની જાણ દક્ષિણ ગુજરાત મહિલા કેળવણી મંડળ–નવસારીના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અતુલભાઈ શાહને યુનિવર્સિટી કર્મચારી મારફતે હાથોહાથ પત્ર દ્વારા કરવામાં આવી હતી. તે બાબતે તા.૧૦–૬–૨૦૧૦ ના રોજ કોલેજ કર્મચારી દ્વારા બાંહેધરી પત્ર (એફિડેવિટ) યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપેલ છે, તે અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સંચાલક મંડળે મોકલેલી બાંહેધરી યુનિવર્સિટી દ્વારા માંગ્યા મુજબની ન હોવાથી તેમજ તે સંતોષજનક ન હોવાથી તે સ્વીકારવામાં આવતી નથી અને વધુમાં ઠરાવવામાં આવે છે કે સંચાલક મંડળના પ્રતિનિધિઓને એક સપ્તાહમાં તપાસ સમિતિ સમક્ષ બોલાવી તેમની સાથે ચર્ચા કરી તેમની પાસે યોગ્ય બાંહેધરી પત્રક લઈ તેમને વધુ એક તક આપવાનું ઠરાવવામાં આવે છે.

અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંક : એસ – ૧ (૧)/ ૬૪૧૭ /૨૦૧૦. **કુલસચિવ**
તા. ૬ – ૭ – ૨૦૧૦.
પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ.....